# જનાબે ઝયનબ(સ.અ.) પર દુઃખ અને મુસીબત

(૧) જનાબે ઝયનબ(સ.અ.) ની વય હજુ પાંચ કે છ વર્ષની પણ થઈ ન હતી ત્યાં આપ નાનાની છત્રછાયા ગુમાવી બેઠા હતા. નવાસીએ પોતાના નાનાના ઈન્તેકાલનો દુઃખદ બનાવ પોતાની નજરે નિહાળ્યો હતો. પયગમ્બર(સ.અ.વ.) પર અશ્રુ વહાવનારાઓમાં હઝરત અલી(અ.સ.) જનાબે ફાતેમા(સ.અ.) અને કેટલાક ગણત્રીના સહાબીઓ સિવાય બીજું કોઈ ન હતું.

(૨) જનાબે ઝયનબ(સ.અ.)ના નાનાનો ઈન્તેકાલ થયાને હજુ કેટલાક દિવસો થયા હતા ત્યાં ઝાલિમોએ તેમના હક્કોને પચાવી પાડવાનું શરૂ કરી દીધું. માતા પાસેથી બાગે-ફીદક ગસબ કરી લીધો. હદ તો ત્યારે થઈ જ્યારે માતાનો રડવાનો હક પણ છીનવી લેવાયો. પિતા હઝરત અલી(અ.સ.)ના ગળામાં દોરડા નાખીને મસ્જીદ સુધી લઈ જવાયા અને બયઅત કરવાની માગણી સતત થવા લાગી. ઝાલિમ સત્તાધીશોએ દુખ્તરે રસુલ(સ.અ.વ.) જનાબે ફાતેમા(સ.અ.) અને નવાસએ રસૂલ હઝરત મોહસીન(અ.સ.) એમ બે જીવોની હત્યા કરી ત્યારે તો ઝુલ્મ પણ ઝાલિમોને ધિક્કારવા લાગ્યો. તેમના ઘરને આગ લગાડવામાં આવી અને દરવાજો પાડીને જનાબે

ફાતેમા(સ.અ.)ને ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી. અલ્લાહ, અલ્લાહ બેકસ જનાબે ઝયનબ(સ.અ.)એ કુમળી વચે કેવી સબ્ર કરી?

(૩) ત્યારપછી ૨૫ વર્ષ સુધી મુનાફિકો તરફથી મુસીબતો, બયઅતની સતત માંગણી, જમલ અને સિફફીન જેવી લડાઈઓ જેનાથી ઝયનબ(સ.અ.) કયારેય ઘરમાં શાંતિથી સૂઈ શકયા ન હતા. છેવટે પિતા હઝરત અલી(અ.સ.)ની છત્રછાયા પણ જતી રહી અને મુસીબતોમાં ઘેરાએલ ઝયનબ(સ.અ.) યતિમ થઈ ગયા.

(૪) જનાબે ઝયનબ(સ.અ.)ના ભાઈને ઝેર આપવામાં આવ્યું. ઝેર પીતાં જ ભાઈ ઈમામ હસન(અ.સ.)ને લોહીની ઉલ્ટીઓ થવા લાગી અને કાતિલ ઝેરની એટલી બધી તીવ્ર અસર થઈ કે પાણી વગરની માછલી તરફડે તેમ તરફડવા લાગ્યા. ઝુલ્મો સિતમે હદ તો ત્યારે વટાવી દીધી જ્યારે જનાબે ઝયનબ(સ.અ.)એ વાત સાંભળી કે ભાઈ ઈમામ હસન(અ.સ.)ને નાના હઝરત રસુલ(સ.અ.વ.)ના રોઝામાં દફન થવા નહી દેવાય. (તબરી)

(૫) અંતમાં, જનાબે ઝયનબ(સ.અ.)એ પોતાના ભાઈ ઈમામ હુસૈન(અ.સ.)ની સાથે કરબલાની સફર કરી. ઈમામ(અ.સ.)ના સાથીદારોની સંખ્યા ઓછી અને દુશ્મનોની સંખ્યા વધારે હતી, જેના કારણે જનાબે ઝયનબ(સ.અ.)નું કાળજું હલી ગયું. ત્યારપછી એક એક

કરીને જનાબે ઔનો મોહમ્મદ, જનાબે અલી અકબર, જનાબે અબ્બાસ અલમદાર અને જનાબે કાસિમનું મૈદાને જંગમાં જવું, શહીદ થવું, બાળકોનું પ્યાસથી તડપવું. હઝરત અલી અસગર(અ.સ.)ની શહાદતની એક જુદી જ કડી હતી, જ્યારે ઈમામે-વકત અને જનાબે ઝયનબ(સ.અ.)ના ભાઈ તેમનાથી વિદાય લેવા માટે આવ્યા ત્યારે તો મુસીબતોનો પહાડ તૂટી પડયો. તેઓનો જીવ બચાવવા માટે જનાબે ઝયનબ(સ.અ.) કંઈ કરી શકતા ન હતા.

ઈમામ હુસૈન(અ.સ.)એ બહેનને આશ્વાસન આપ્યું અને મકતલ તરફ રવાના થયા. ઝયનબ(સ.અ.)ની આંખો તેમના ભાઈ પ્રત્યે મંડાએલી હતી, જ્યારે ઈમામ(અ.સ.) જંગ કરતા કરતા મૈદાનમાં પડી ગયા ત્યારે જનાબે ઝયનબ(સ.અ.)એ આંકદ સાથે ફરિયાદ કરી.

હવે જ્યારે હઝરત શહીદ થઈ ગયા, ત્યારે ઝયનબ (સ.અ.)નું કોણ છે આ દુનિયામાં? હવે કોને સહારે જીવતા રહે? પણ ઈમામે વકતની વસીય્યત હતી એટલે એના પર અમલ કરવો વાજીબ હતો.

ઝાલિમોએ ખૈમા (તંબુઓ) બાળ્યા. બીમારે કરબલા, ઝમાનાના ઈમામની ઈજાઝત લઈને ખૈમાથી બાહર નીકળી એક એક બચ્ચાને ગોતતા રહ્યા. કયારેક ફુરાતની તરફ મોઢું કરીને બોલાવેઃ ભાઈ અબ્બાસ.

કયારેક મૈદાન તરફ ફરીને કહે છેઃ બેટા અલી અકબર, તો કયારેક નાની કબર તરફ જોઈ કહે છેઃ મારા લાલ અલી અસગર, તમે પણ ફોઈને છોડી ચાલ્યા ગયા.

આ દરમ્યાન, ઝાલીમોએ બીબીઓની રીદાઓ (ચાદરો) છીનવી લીધી. બચ્ચાઓને તમાચા માર્યા. બેકસ ઝયનબે અલ્લાહનો શુક્ર અદા કરી બધી મુસીબતો પર સબ્ર કરી. અંતમાં ઝાલીમોએ અસીરાને કરબલાને કૈદી બનાવી કરબલાથી કુફા-શામ લઈ જવા લાગ્યા.

(૬) વાકએ-કરબલા પછી જનાબે ઝયનબ(સ.અ.)ને કુફા અને શામની વચ્ચે બે પર્દા ફેરવવામાં આવ્યા. નિરાધાર હાલતમાં બેકસ ઝયનબે જવાબદારીપૂર્વક સામનો કર્યો. વિવિધ પ્રસંગે ઝમાનાના ઈમામનો પરિચય કરાવતા રહ્યા અને મઝલુમ ઈમામ(અ.સ.) પર થએલ ઝુલ્મો-સિતમનું પ્રસારણ કરતા રહ્યા. ત્યારપછી લગભગ એક વર્ષ સુધી શામના કૈદખાનામાં ઝરીયતે રસુલને કૈદમાં રાખવામાં આવ્યા. આ સમયગાળામાં તેઓને પેટ ભરીને ખાણું કે ઠંડું પાણી પણ આપવામાં ન આવ્યું.

પરવરદિગારે આલમ પાસે દુઆ છે કે જનાબે ઝયનબ(સ.અ.)ની ઝિંદગી અને તેમના કિરદારથી આપણી માં, બહેનો અને બેટીઓને સબક હાંસિલ કરવાની તૌફીક ઈનાયત કરે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com